**UDHNA CITIZEN COMMERCE COLLEGE &**
**S.P.B. COLLEGE OF BUSINESS ADMINISTRATION &**
**SMT. DIWALIBEN HARJIBHAI GONDALIA COLLEGE OF BCA & IT**
**(Self Financed)**
**(Managed by Udhna Academy Education Trust)**
**214, Ranchhod Nagar, Opp. Swaminarayan Temple,Surat-Navsari Road, SURAT-394 210**

---

**Class: T.Y.B.Com. (Sem. 6)**

**Subject: Advanced Accounting & Auditing 8**

**Flexible Budget**

**QUESTIONS FOR PRACTICE-1**

---

1.

રાજા લી. પાસે વાર્ષિક ૫,૦૦,૦૦૦ એકમો તૈયાર થઈ શકે તેટલી ઉત્પાદન શક્તિ છે. આગામી વર્ષ માટે કાર્યશક્તિનો ઉપયોગ પ્રથમ ૬ માસ માટે ૬૦%, બીજા ૪ માસ માટે ૭૦% અને બાકીના માસ માટે ૯૦% અંદાજેલ છે.
આગામી વર્ષ માટે ઉત્પાદનના કુલ એકમો શોધો.

2.

ભંડારી લિ. હાલમાં 80% ઉત્પાદન સપાટીએ ઉત્પાદન કરે છે. અર્ધચાલિત ખર્ચાઓ (જેમાં દર 450 એકમોદીઠ રૂ. 1800 લેખે સીમાંત ખર્ચા સમાયેલા છે) રૂ. 2,97,000. તમારે 96% ઉત્પાદન સપાટીએ (43,200 એકમો) અર્ધચાલિત ખર્ચાઓ શોધવાના છે.

3.

ગૌતમ લિ.ના રેકોર્ડમાંથી નીચેની માહિતી મળી છે :
(1) પ્રત્યક્ષ માલસામાનનો ખર્ચ એકમદીઠ રૂ. 15
(2) પ્રત્યક્ષ મજૂરી ખર્ચ કલાકદીઠ રૂ. 5.625 લેખે, એક એકમના ઉત્પાદન માટે જરૂરી કલાકો 3.6 છે.
(3) 112% ની ઉત્પાદન શક્તિએ કેટલીક માહિતી નીચે મુજબ છે :
કુલ પ્રત્યક્ષ મજૂરી રૂ. 63,78,750
ઉપરની માહિતી પરથી 96% અને 110% એ ઉત્પાદન એકમો શોધો.

UDHNA COLLEGE

4.

ખાલી જગ્યા પૂરો :

| | | | |
|---|---|---|---|
| ઉત્પાદન શક્તિ | 60% | 75% | 90% |
| ઉત્પાદન એકમો | - | 9,000 | - |
| એકમદીઠ મજૂરી (રૂ.) | (?) | 0.20 | 0.20 |
| એકમદીઠ ઘસારો (રૂ.) | 0.45 | (?) | 0.30 |
| એકમદીઠ વહીવટી પરોક્ષ ખર્ચા (રૂ.) | 0.50 | 0.40 | (?) |

5.

જૈત્ર લિ. નીચેની માહિતી પૂરી પાડે છે :

| | | |
|---|---|---|
| ઉત્પાદન (એકમોમાં) | 5,000 (100%) | 3,000 |
| વેચાણ ખર્ચા (રૂ.) | 38,000 | 30,000 |

80% ઉત્પાદન ક્ષમતાએ વેચાણખર્ચા શોધો.

6.

નીચેની માહિતી પરથી 70% સપાટી માટે ખર્ચાઓની ગણતરી કરો. કુલ ઉત્પાદન 100% સપાટીએ 5,000 એકમોનું છે.

| ખર્ચાઓ | 60% | 100% |
|---|---|---|
| શક્તિ અને બળતકા | 18,750 | 28,750 |
| વહીવટી પરોક્ષ ખર્ચા | 50,000 | 70,000 |
| વેચાણ પરોક્ષ ખર્ચા | 30,000 | 40,000 |

UDHNA COLLEGE

7.

જય લી. ની નીચેની માહિતી પરથી ૮૦% અને ૧૦૦% ઉત્પાદન શક્તિએ કુલ રકમ દર્શાવતું પરિવર્તનશીલ બજેટ તૈયાર કરો.

૬૦% ઉત્પાદન શક્તિએ ઉત્પાદિત એકમો ૯,૦૦૦ છે, જેની એકમદીઠ પડતર અને વેચાણની માહિતી નીચે મુજબ છે.

| વિગત | એકમદીઠ રૂ. |
|---|---|
| પ્રત્યક્ષ માલસામાન | ૮૦ |
| પ્રત્યક્ષ મજુરી | ૪૦ |
| પ્રત્યક્ષ ખર્ચા | ૧૨ |
| કારખાના ખર્ચ – ચલિત | ૨૫ |
| કારખાના ખર્ચ – સ્થિર | ૩૦ |
| વહીવટી ખર્ચા – સ્થિર | ૧૦ |
| વેચાણ ખર્ચા (૮૫% ચલિત) | ૨૦ |
| વિતરણ ખર્ચા (૯૦% ચલિત) | ૧૩ |
| કુલ પડતર | ૨૩૦ |
| નફો | ૨૦ |
| વેચાણ | ૨૫૦ |

વધારાની માહિતીઃ

(૧) પ્રત્યક્ષ માલસામાન ૮૦% સપાટીએ ૨.૫% અને ૧૦૦% સપાટીએ ૫% ઘટાડો થાય છે.

(૨) પ્રત્યક્ષ મજુરી ખર્ચ ૧૦૦% સપાટીએ ૫% ઘટે છે.

(૩) વેચાણ સ્થિર ખર્ચા ૭૦% સપાટી પછી ૧૦% વધે છે.

(૪) વેચાણ કિંમતમાં ૮૦% સપાટીએ ૨% અને ૧૦૦% સપાટીએ ૪% ઘટાડો થાય છે.

UDHNA COLLEGE

8.

ક્રિષ્ના કંપની લિ. પરિવર્તનશીલ બજેટરી અંકુશની પદ્ધતિ અપનાવે છે. 70 80% અને 90% ની પ્રવૃત્તિ એ પરિવર્તનશીલ અંદાજપત્ર દર્શાવવું જરૂરી છે. નીચેની માહિતી ઉપલબ્ધ છે :

(1) વેચાણ : 3,500 એકમો (70% પ્રવૃત્તિએ) એકમદીઠ રૂ. 1,000 લેખે. જો ઉત્પાદન 80% થી 90% સુધી વેચે તો મૂળ કિંમતમાં અનુક્રમે 2.5% અને 5%નો વધારો થશે.

(2) ચલિત ખર્ચા : એકમદીઠ રૂ. 200, જે પૈકી કાચામાલની પડતર 60%, મજૂરીની પડતર 30%, અન્ય ચલિત પડતર 10% છે.
જો ઉત્પાદન 75% થી વધે તો જરૂરી કાચામાલની ખરીદીમાં અને મજૂરીખર્ચમાં 5% વધારો થશે, જ્યારે 85% થી વધે, તો કાચામાલની ખરીદી તથા મજૂરી ખર્ચમાં 10% વધારો થશે.

(3) ચલિત પરોક્ષ ખર્ચ : સેલ્સમેનનું કમિશન વેચાણ કિંમતના 5% છે.

(4) અર્ધચલિત ખર્ચા :

| વિગત | 40% (રૂ.) | 60% (રૂ.) |
|---|---|---|
| કારખાના પરોક્ષ ખર્ચા | 5,60,000 | 6,40,000 |
| વેચાણ વિતરણ ખર્ચા | 4,16,000 | 4,64,000 |

(5) સ્થિર ખર્ચા :

| વિગત | 40% (રૂ.) | 60% (રૂ.) |
|---|---|---|
| ઓફિસ ખર્ચા | 4,80,000 | 4,80,000 |
| ઘસારો | 60,000 | 60,000 |

સ્થિર ખર્ચાઓ 65% થી 75% ક્ષમતા વચ્ચે સ્થિર રહે છે. પંરતુ 75% થી 85% ક્ષમતા વચ્ચે ઉપરની રકમમાં 5% વધે છે. જ્યારે 85% થી 100% વચ્ચે ઉપરની રકમના 10% વધે છે.

UDHNA COLLEGE

9.

ધ્રૃવિ કોર્પોરેશન 100% ની કાર્યક્ષમતાએ ચોક્કસ વસ્તુના 4,000 એકમો ઉત્પાદન કરે છે. હિસાબના ચોપડામાંથી નીચેની માહિતી મેળવવામાં આવી.

| માસ | જાન્યુઆરી 2020 | માર્ચ 2020 |
|---|---|---|
| ઉત્પાદન શક્તિ | 70% | 90% |
| ખર્ચાઓ: | (રૂા.) | (રૂા.) |
| મરામત અને જાળવણી | 50,000 | 56,000 |
| પાવર | 1,80,000 | 2,00,000 |
| ઉત્પાદન વિભાગની મજૂરી | 70,000 | 90,000 |
| વપરાશી સ્ટોર્સ | 1,40,000 | 1,80,000 |
| પગાર | 1,00,000 | 1,00,000 |
| તપાસ | 20,000 | 24,000 |
| ઘસારો | 1,40,000 | 1,40,000 |

ઉત્પાદનનો દર, પ્રત્યેક કલાકે 10 એકમો છે. પ્રત્યક્ષ માલસામગ્રીની પડતર એકમદીઠ રૂ. 10 છે. અને પ્રત્યક્ષ મજૂરી પ્રત્યેક કલાકે રૂ. 40 છે.

પરિવર્તનશીલ અંદાજપત્ર હેઠળ 100%, 80% અને 60% ની કાર્યક્ષમતાએ ઉત્પાદનની પડતરની ગણતરી કરવાની છે.

UDHNA COLLEGE

10.

શ્રી. અવિચલ કં. લિ. નું પરિવર્તનશીલ અંદાજપત્ર નીચે મુજબ છે.

| પ્રવૃત્તિની સપાટી | 80% | 100% |
|---|---|---|
| **ખર્ચાઓ :** | | |
| પ્રત્યક્ષ માલસામાન | 1,28,000 | 1,60,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 1,60,000 | 2,00,000 |
| સીધા ખર્ચા | 64,000 | 80,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા | 72,000 | 84,000 |
| ઓફિસ પરોક્ષ ખર્ચા | 1,04,000 | 1,12,000 |
| વેચાણ પરોક્ષ ખર્ચા | 34,000 | 38,000 |

50% પ્રવૃત્તિએ ઉત્પાદનની વેચાણ કિંમત રૂા. 5,00,000 છે. અર્ધ-ચલિત ખર્ચામાં સમાયેલ બધા પ્રકારના સ્થિરખર્ચા 75% પ્રવૃત્તિ બાદ 20% વધે છે.

એની ધારણા કરવામાં આવે છે કે, 50% પ્રવૃત્તિ બાદ વેચાણ કિંમતમાં 5% ઘટાડો કરવામાં આવે તો, કંપની વેચાણ જથ્થો વધારી શકશે અને તેની કંપની 50%, 60% અને 75% ક્ષમતાએ પ્રવૃત્તિ કરી શકે.

50%, 60% અને 75% ઉત્પાદન સપાટીએ પરિવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો. અને નફો શોધો.

UDHNA COLLEGE